# સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (એસ.જે.એસ.આર.વાય.)

- સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના તા.૧/૧૨/૧૯૯૭માં શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ તા.૧/૪/'૦૯ના રોજ સુધારો થયો.
- શહેરી બેરોજગાર તેમજ અર્ધ બેરોજગાર ગરીબોને લાભકારક રોજગારી મળે તે માટે સ્વરોજગાર શરૂ કરવા માટે તથા સ–વેતન રોજગારીની જોગવાઈ કરવામાં આવી.

**હેતુ :–**

- શહેરી બેરોજગાર અર્ધ–બેરોજગાર ગરીબોને પ્રોત્સાહન પુરું પાડીને તેમના ભરણ પોષણ માટે સ્વરોજગાર સાહસો પ્રસ્થાપિત કરવા અથવા સ્વ–વેતન રોજગારી શરૂ કરવા માટે લાભકારક રોજગારીના માધ્યમથી શહેરી ગરીબી નાબુદ કરવી.

**યોજનાના મુખ્ય ધટકો :–**

- **૧. સ્વ–રોજગારલક્ષી તાલીમ. (STEP UP)**
- **૨. ધંધો રોજગાર માટે લોન. (UWSP)**
- **૩. બચત જુથ**
- **૪. ધ્વાકુઆ જુથ.**

**પાત્ર લાભાર્થી :–**

૧. બી.પી.એલ. કાર્ડ ધારક (માથાદિઠ રૂા. ૫૦૧.૧૪ની આવક ધરાવતા) શહેરી ગરીબ કુટુંબો.
૨. નિરક્ષરથી ધોરણ–૯ સુધીનો અભ્યાસ.
૩. વય મર્યાદા– ૧૮ થી ૪૫ વર્ષ.
૪. સુરત શહેરમાં છેલ્લા ત્રણ (૩) વર્ષના રહેવાસી હોવો જોઈએ.
૫. વિધવા,ત્યકતા બહેનો તથા અપંગ લાભાર્થીઓને અગ્રીમતાના ધોરણે યોજનાનો લાભ આપવામાં આવે છે.
૬. લાભાર્થીઓની જરૂરીયાત મુજબના વિષય બાબતે યોજનાનો લાભ આપવામાં આવે છે.

❖ **<u>૧. સ્વ–રોજગારલક્ષી તાલીમ.</u>**

**હેતુ :– શહેરી ગરીબ પરિવારોના પાત્ર સભ્યોને સ્વરોજગાર માટે કૌશલ્ય પ્રાપ્તિની તાલીમ.**

- ❑ યુ.સી.ડી. વિભાગમાંથી વિના મુલ્યે તાલીમી ફોર્મ મેળવવું.
- ❑ ફોર્મની સંપૂર્ણ માહિતી વિગતવાર ભરી ફોર્મ યુ.સી.ડી.ઓફિસમાં પરત જમા કરાવવું.
- ❑ ફોર્મ જમા થયા બાદ પસંદગી સમિતિમાં ચકાસણી થયા બાદ તાલીમ વર્ગમાં પ્રવેશ મળશે.

**શું લાભ મળી શકે ?**

- ❖ ઓછામાં ઓછી–૩૦૦ કલાકની તાલીમ લેવાની રહેશે.
- ❖ તાલીમાર્થી દિઠ મહતમ ખર્ચ મર્યાદા રૂા ૨૦૦૦.
- ❖ જેમાં નિષ્ણાંતનું માનદવેતન, કાચો માલ–સામાન, ટુલ–કિટ, માસિક વૃત્તિકા, માળખાકીય સહાય વિગેરેનો સમાવેશ થાય છે.

**<u>રજુ કરવા જોગ જરૂરી પુરાવા</u>**

૧. પાસપોર્ટ સાઈઝ ફોટો. ૨. રેશનકાર્ડની ખરી નકલ.
૩. રહેઠાણનો પુરાવો. ૪. શાળા છોડયાનાં પ્રમાણપત્રની ખરી નકલ.
૫. બી.પી.એલ.કુટુંબ નંબર

❖ **<u>૨.ધંધો રોજગાર માટે લોન.</u>**

**હેતુ :–** શહેરી ગરીબ કુટુંબોના બેરોજગારોને લોન ધ્વારા સ્વ–રોજગારી પુરી પાડવી.

❖ **અરજી કરવા માટે શું કરવું ?**

૧. યુ.સી.ડી. વિભાગમાંથી પાત્રતા ધરાવતા લાભાર્થીને વિના મુલ્યે ફોર્મ આપવામાં આવે છે.
૨. ફોર્મ જરૂરી પુરાવા સાથે ભરી યુ.સી.ડી. વિભાગમાં જમા કરાવવું.
૩. ઓફિસ લેવલે ફોર્મની જરૂરી ચકાસણી કરવામાં આવશે.
૪. સમાજ સંગઠક ધ્વારા સ્થળ તપાસ કરી યોગ્ય તે ભલામણ કરવામાં આવે છે.
૫. ફોર્મ જરૂરી પુરાવા–ભલામણ સહિત બેંકમાં મોકલવામાં આવે છે.
૬. બેંક ધ્વારા ચકાસણી કરીને યોગ્યતે અરજદારને લોન મંજુર કરે છે.
૭. બેંક ધ્વારા લોન મંજુર થયા બાદ કલેઈમ આવ્યેથી સબસીડીની ચૂકવણી.

❖ **અરજી સાથે રજુ કરવાના પુરાવા :–**

૧. ભાવ પત્રક (કવોટેશન) ૨. રેશનકાર્ડ. ૩. વેરાબીલ/ લાઈટબિલ
૪. ઉંમરનો પુરાવો. ૫. પાસપોર્ટ સાઈઝનો ફોટો. ૬. આવકનો દાખલો.

❖ **લોન મર્યાદા :–** વધુમાં વધુ રૂ.૨,૦૦,૦૦૦/–

❖ **સબસીડી હેતુ :–** અરજદારને બેંક તરફથી આપવામાં આવેલ લોનના વ્યાજનું ભારણ અરજદારના માથે ન પડે.

<u>**બચત જુથ તેમજ ધ્વાકુઆ જુથ**</u>

❑ **બચત જુથ.**

❑ <u>**હેતુ :–**</u>

૧. યુ.સી.ડી. વિભાગ ધ્વારા રચાયેલ મહિલા મંડળોના કાર્યવિસ્તારમાં રહેતા શહેરી ગરીબ બહેનો નિયમિત બચત કરતા શીખે.

૨. શહેરી ગરીબ બહેનોનો નિયમિત બચત ધ્વારા સામાજિક તેમજ આર્થિક વિકાસ.

૩. જુથ પોતાનામાંથી લીડરની ચૂંટણી કરે.

૪. જુથના સભ્યો સભા ભરી પોતાના જુથમાંથી ચૂંટેલ લીડર/ સંચાલિકાને વહીવટી કાર્યની મદદ માટે એક સહાયકની નિમણુંકનો ઠરાવ કરે.

**લાભ :–**

❖ નિયમિત બચતની ટેવ પડે.
❖ વ્યાપારીઓના ઉધારી વ્યાજમાંથી મુકિત.
❖ આકસ્મિક સંજોગોમાં તાત્કાલિક લોન સરળતાથી મળે.
❖ સ્વમાનભેર જીવન જીવી શકાય.
❖ આર્થિક સધ્ધરતા, આત્મ નિર્ભરતા વધે.
❖ પોતાની બચતનો પોતાના વિકાસ માટે ઉપયોગ.

❑ <u>**ધ્વાકુઆ જુથ**</u>

❑ **હેતુ :–**

સ્લમ વિસ્તારના બી.પી.એલ.કુટુંબોમાંથી ઓછામાં ઓછી પાંચ (૫) બહેનો ભેગી મળી એક જુથ બનાવી ધંધો– રોજગાર શરૂ કરી સ્વનિર્ભર બને.

❑ **જુથની લાયકાત :–**

➢ અરજદાર ગરીબી રેખા(બી.પી.એલ.) હેઠળ આવતો હોવો જોઈએ.
➢ આવક મર્યાદા– માથાદિઠ માસિક આવક રૂ.૫૦૧.૧૪.પૈસા (હાલમાં)
➢ વય મર્યાદા– ૧૮ થી વધુ.

❑ **અરજી કરવા માટે શું કરવું ???**

૧. યુ.સી.ડી. વિભાગના માર્ગ દર્શન મુજબ જુથની રચના કરવી, બંધારણ સ્વીકાર.
૨. યુ.સી.ડી. વિભાગમાંથી વિના મુલ્યે ફોર્મ મેળવવું
૩. ફોર્મ જરૂરી પુરાવા તેમજ પ્રોજેકટ રીપોર્ટ સાથે ભરી યુ.સી.ડી. વિભાગમાં જમા કરાવવું.
૪. સમાજ સંગઠક ધ્વારા સ્થળ તપાસ કરી યોગ્ય તે ભલામણ કરવામાં આવે છે.
૫. ફોર્મ જરૂરી પુરાવા–ભલામણ સહિત બેંકમાં મોકલવામાં આવે છે.
૬. બેંક ધ્વારા ચકાસણી કરીને યોગ્યતે જુથની લોન મંજુર કરે છે.
૭. બેંક ધ્વારા લોન મંજુર થયા બાદ કલેઈમ આવ્યેથી સબસીડીની ચૂકવણી માટે રાજય સરકારશ્રીમાં મોકલી આપવામાં આવે છે.

❖ **રજુ કરવા જોગ પુરાવા :**

૧. પ્રોજેકટ રીપોર્ટ. ૨. ભાવ પત્રક (કવોટેશન) ૩. રેશનકાર્ડ.
૪. વેરાબીલ/ લાઈટબિલ ૫. ઉંમરનો પુરાવો. ૬. પાસપોર્ટ સાઈઝનો ફોટો.
૭. આવકનો દાખલો.

❖ **મહત્તમ મળવાપાત્ર સહાય :–** લાભાર્થી દિઠ રૂા.૬૦,૦૦૦/– અથવા રૂા.૩,૦૦,૦૦૦/– ની મહત્તમ મર્યાદાને આધીન પરિયોજના ખર્ચના ૩૫ ટકા.

❖ **લાભાર્થી જુથનો ફાળો :–** પરિયોજના ખર્ચના ૫% માર્જીન મની.

**૪. બાળ માર્ગદર્શન કેન્દ્ર**

❖ સમાજ સુરક્ષા અનુદાનિત અને સુરત મહાનગરપાલિકા, યુ.સી.ડી. વિભાગ સંચાલિત બાળ માર્ગદર્શન કેન્દ્ર.

❖ બાળ માર્ગદર્શન કેન્દ્ર માટે ૯૦% ગ્રાંટ સમાજ સુરક્ષા વિભાગ ધ્વારા ફાળવવામાં આવે છે.

❖ **હેતુ :–**

૧. કુમળી વયના બાળકોને અસમાજિક, ગુનાહિત પ્રવૃતિઓ ન વળે તે માટે સર્જનાત્મક પ્રવૃતિ તરફ વાળવા.

૨. સામાજિક દુષણો અને વ્યસનોથી મુકત કરવા.

૩. માર્ગ ભુલેલા બાળકોમાં સંસ્કાર સિંચન કરવું.

❖ **લાભાર્થી :–** કેન્દ્રની નજીકના સ્લમ વિસ્તારના ૬ થી ૧૬ વર્ષની વય જુથના બાળકો.

❖ **પ્રવૃત્તિ :–**

૧. રમત–ગમત,(આઉટડોર ગેઈમ–ઈન્ડોર ગેમ) ચેસ, કેરમ, ક્રિકેટ, બેટમિન્ટન વિગેરે લાભાર્થીની યોગ્યતા મુજબ.

૨. બાળ લાયબ્રેરી.

૩. વિવિધ સ્પર્ધાઓ. વકતૃત્વ, નિબંધ, ચિત્રકળા, વાર્તાકથન સ્પર્ધા, રંગોળી હરીફાઈ વિગેરે.

૪. રાષ્ટ્રીય–ધાર્મિક તહેવારોની ઉજવણી કાર્યક્રમ વિગેરે.

**"ઉમ્મીદ"**

**હેતુઃ–**

સુરત મહાનગરપાલિકા, રાજય સરકાર અને એન.જી.ઓ. કેપ ફાઉન્ડેશનના સહકારથી શહેરી ગરીબ યુવક–યુવતીઓને વ્યવસાયિક તાલીમની સાથે રોજગારી મળી રહે તે હેતુસર ઉમ્મીદ પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ છે.

## WHAT IS UMEED ? ? ?

| | | |
|---|---|---|
| Urban Youth | - | શહેરી યુવક– યુવતિઓ |
| Motivation | - | પ્રેરણા |
| Employment | - | રોજગારી |
| Enterprise | - | ઔધોગિક સાહસિકતા |
| Development | - | વિકાસ |

**પાત્રલાભાર્થી :–**

❖ આ યોજનામાં શહેરી ગરીબ યુવક–યુવતીઓની રોજગારીની સમસ્યાને દૂર કરવાના અભિગમને મહત્વ આપવામાં આવેલ છે.

❖ સામાન્યતઃ ધોરણ–૭ થી ગ્રેજયુએટ સુધીનો અભ્યાસ કરેલ હોય,૧૮ થી ૨૫ વર્ષના બેરોજગાર અર્ધકુશળ યુવાનો.

❖ વિધવા ત્યકતા બહેનોને અગ્રિમતાના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે આવી બહેનો માટે વયમર્યાદા અને શિક્ષણમાં જરૂર જણાય ત્યાં છુટ આપવામાં આવશે.

❖ લાભાર્થીના રસ,અભિરૂચી અને વર્તમાન સમયની જરૂરીયાતને અનુલક્ષીને અંદાજે–૩૦૦ કલાકની તાલીમ આપવામાં આવશે.

❖ તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીઓને રોજગારી અપાવવાનું લક્ષ્ય રાખેલ છે.

❖ આયોજન :

સુરત શહેરનો માર્કેટ સ્કેનનો અભ્યાસ, રાજય સરકાર નિયુકત એન.જી.ઓ. ધ્વારા કર્યા બાદ વર્તમાન સમયની જરૂરિયાતને અનુલક્ષીને જે કૌશલ્યની જરૂરિયાત છે, તેને સંલગ્ન અભ્યાસ ક્રમ તૈયાર કરી તાલીમ આપી રોજગારી આપવા અંગેનું આયોજન.

❖ **ઉમ્મીદ પ્રોજેકટ અંગે થનાર ખર્ચની વિગત :–**

તાલીમાર્થી દીઠ કુલ– રૂા.૩૫૦૦/–નો ખર્ચ થશે,

જે પૈકી (૧) રૂા.૧૦૦૦/– રાજય સરકાર તરફથી,
(૨) રૂા.૧૦૦૦/– સુરત મહાનગરપાલિકા,
(૩) રૂા.૧૦૦૦/– એન.જી.ઓ./રાજય સરકાર અને
(૪) રૂા. ૫૦૦/– તાલીમાર્થી – લોકફાળા તરીકે ભોગવવાના રહેશે.